–: ઓનરશીપ બેઈઝથી ફલેટ વેચાણ દસ્તાવેજ :–

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નંબર ૨૫૧ ની રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨, ૩ તથા ૪** ની કુલ જમીન **ચો.મી.આ.૫૨૬–૫૫** ઉપર આવેલ લો–રાઈઝ ઈમારત **"નંદન રેસીડેન્સી"** માંહેથી .... ફલોરમાં આવેલ **ફલેટ નં............** નો બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ.** ...., ચો.ફુટ આ............, કારપેટ એરીયા ચો.મી.આ............. નો ઓનરશીપ બેઈઝથી વેચાણ દસ્તાવેજ.

....

વેચાણ કિંમત ₹...................–૦૦ અંકે રૂપિયા .... પુરા.

....

રેરા રજી. નં... તા..................

....

સીટી સર્વે વોર્ડ ટી.પી.–૨૮ મવડી, શીટ નં.૧૬, સીટી સર્વે નં.૧/૨, ૧/૩ તથા ૧/૪
ટી.પી.સ્કીમ નં.૨૮(મવડી)(ડ્રાફટ), ઓ.પી. નં.૧, ફાયનલ પ્લોટ નં.૧ પૈકી

....

રાજકોટ મ્યુનિ.કોર્પો.ના બાંધકામ પરવાનગી નં.૧૫૭ તા.૨૩/૦૫/૨૦૧૮

....

શ્રી ...., PAN :-..........................
ઉ.વ.આ.........., ધર્મે : હિન્દુ, વ્યવ : ....,
રહે.., રાજકોટ.

તે ફલેટ ખરીદનાર....

જોગ લખી આપનાર
નંદનવન બિલ્ડકોન LLP ના વહીવટકર્તા ભાગીદારો

(૧) **શ્રી પંકજ હરેશભાઈ જોશી,** ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૪૬, ધંધો : વેપાર, રહે.ફલેટ નં.૭, ભકિતધામ ફલેટસ, ગુલાબવાટીકા સોસાયટી પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

(૨) **શ્રી નીરવ અશોકભાઈ ભાલોડી,** ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૨૪, ધંધો : વેપાર, રહે.બ્લોક નં.ડી/૩૩,આલાપ હેરીટેઝ,સત્ય સાંઈ હોસ્પીટલ રોડ,કાલાવડ રોડ,રાજકોટ. ભાગીદારી પેઢીના PAN :- AAPFN0658J

તે ફલેટ વેચનારાઓ....

જત તમો ખરીદનાર જોગ આ ફલેટનો વેચાણ દસ્તાવેજ ઓનરશીપ બેઈઝથી લખી આપી બંધાઈએ છીએ કે,

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નંબર ૨૫૧ ની રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨, ૩ તથા ૪** ની કુલ જમીન **ચો.મી.આ.૫૨૬–૫૫** ઉપર આવેલ લો–રાઈઝ ઈમારત **"નંદન રેસીડેન્સી"** ના નામથી ઓળખાય છે. તે બહુમાળી ઈમારત અમારી ભાગીદારી પેઢીની માલીકીની, કબજા, ભોગવટાની તેમજ કોઈપણ પ્રકારના ગીરો બોજા વગરની આવેલ છે.

(૨) સદરહું **પ્લોટ નં.૨** ની જમીન **ચો.મી.આ.૧૬૦–૧૩** બરાબર ચો.વા.આ.૧૯૧–૫૨ અમોએ અમારી પેઢીના નામ જોગના વેચાણ દસ્તાવેજ અનુ. નં.૨૬૬૫ તા.૧૦/૦૪/૨૦૧૮ થી શ્રી પંકજ હરેશભાઈ જોશી વિગેરે પાસેથી રાજકોટ મ્યુનિ.કોર્પો. દ્વારા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ બાંધકામ કરવાના હકકો સહીત ખરીદ કરેલ છે. તથા **પ્લોટ નં.૩** ની જમીન **ચો.મી.આ.૧૭૫–૫૩** બરાબર ચો.વા.આ.૨૦૯–૯૪ અમોએ અમારી પેઢીના નામ જોગના વેચાણ દસ્તાવેજ અનુ. નં.૨૬૯૯ તા.૧૨/૦૪/૨૦૧૮ થી શ્રી રાજેશ્વરીબેન મુકેશભાઈ દવે વિગેરે પાસેથી રાજકોટ મ્યુનિ.કોર્પો. દ્વારા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ બાંધકામ કરવાના હકકો સહીત ખરીદ કરેલ છે. તથા **પ્લોટ નં.૪** ની જમીન **ચો.મી.આ.૧૯૦–૮૯** બરાબર ચો.વા.આ.૨૨૮–૩૧ અમોએ અમારી પેઢીના નામ જોગના વેચાણ દસ્તાવેજ અનુ. નં.૨૬૦૪ તા.૭/૦૪/૨૦૧૮ થી શ્રી વિરેનભાઈ કાંતીલાલ બાવીસી પાસેથી રાજકોટ મ્યુનિ.કોર્પો. દ્વારા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ બાંધકામ કરવાના હકકો સહીત ખરીદ કરેલ છે. અને એ રીતે સદરહું જમીન અમારી ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની થયેલ છે. અને તે અનુસાર અમોએ સદરહું બહુમાળી ઈમારતનું બાંધકામ કરેલ છે.જે સમગ્ર ઈમારત **"નંદન રેસીડેન્સી"** ના નામથી ઓળખાય છે. અને **નંદનવન બિલ્ડકોન LLP ના** નામથી ચાલતી ભાગીદારી પેઢીના તમામ ભાગીદારો અવાર–નવાર એકી સાથે હાજર રહી શકે તેમ ન હોય, વહીવટી સરળતા ખાતર, એલ.એલ.પી. બોર્ડના તા.................... ઠરાવ મુજબ આ પેઢીના બે ભાગીદારો **શ્રી પંકજ હરેશભાઈ જોશી, તથા શ્રી નીરવ અશોકભાઈ ભાલોડી**ને વહીવટ કે વેચાણ કરવાની સતા આપેલ છે.

(૩) સદરહુ સમગ્ર ઇમારતનુ વર્ણન તથા ચર્તુઃસિમા તેમજ આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ **ફલેટ નં..............** નુ વર્ણન અને ચર્તુઃસિમા તેમજ તેને લગતી આવેલ સહીયારી સુવિધાઓનુ વર્ણન આ નીચે લખ્યા પરિશિષ્ટો **એ, બી** અને **સી** માં દર્શાવવામાં આવેલ છે.

(૪) સદરહું **"નંદન રેસીડેન્સી"** માંહેથી **............** ફલોરમાં આવેલ **ફલેટ નં............** નો બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ...............**, ચો.ફુટ આ............., કારપેટ એરીયા ચો.મી.આ............. થાય છે તે ફલેટ તેના મર્યાદિત ભાગના હકકો સહિત, ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ ની જોગવાઈઓને આધીન આથી તમોને તે માંહેના અમારી ભાગીદારી પેઢીના તમામ પ્રકારના માલીકી, કબજા, ભોગવટા, ઈઝમેન્ટ અને સુખાધિકારના હકકો સહિત તેના ખાલી, શાંત, નીર્ભય, નીર્મળ અને બીનતકરારી કબજા સાથે વેચાણ આપી વેચાણનો ચુકતે અવેજ તમારી પાસેથી નીચેની વિગતે સંભાળી લઈ સદરહું ફલેટનો ખાલી કબજો આજરોજ અમોએ તમોને સોંપી આપેલ છે જે તમો લીલાવંશ વંશ, વંશ પરંપરા સુખેથી ભોગવજો, વસજો વસાવજો તમારૂ દિલ ચાહે તે રીતે ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરજો તેમાં હવેથી અમારી ભાગીદારી પેઢીનો કે ભાગીદારોના વાલી, વંશ વારસોનો કે અન્ય કોઈનો કાંઈપણ પ્રકારનો ભાગ લાગ, હકક, હિત, હિસ્સો, દર કે દાવો રહેતા નથી. છતા પણ ભવિષ્યમાં તે સંબંધે કે આ વેચાણ સંબંધે અમારી ભાગીદારી પેઢીનો કે ભાગીદારોના પુરોગામીઓના રાઈટસ, ઈન્ટરેસ્ટ, કબજા નામ ટ્રાન્સફર કે ટાઈટલ સંબંધે કદી કોઈ કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ઉઠાવે દર કે દાવો કરે તો તેવે પ્રસંગે તમોને થતા તમામ પ્રકારના ખર્ચ પરિણામ અને નુકસાની સહીતની તમામ જવાબદારી અમારી ભાગીદારી પેઢી કે ભાગીદારોના વાલી વંશ વારસોને શીરે છે જે તમો ખર્ચ સહીત અમારા પાસેથી વસુલ લેવા હકકદાર છો.

(૫) આ તમોને વેચાણ આપેલ ફલેટ ઉપર કે સમગ્ર મીલ્કત ઉપર નામદાર સરકારશ્રીનુ કે સરકારી કે કોઈપણ બેંક, પેઢી, કંપની કે અન્ય કોઈપણ આસામીનુ કે અન્ય કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણુ કરજ ગીરો કે બોજો નથી અને તે તમામ પ્રકારે બોજામુકત છે.

(૬) આ તમોને વેચાણ આપેલ ફલેટને લગતા મહેસુલ, શિક્ષણકર વિગેરે વેરા બીલો અમોએ ભરી આપેલ છે. હવેથી તેવા વેરા બીલો તમો ભરજો અને તમારા નામે ટ્રાન્સફર કરાવવાની અરજીમાં જરૂરી સહીઓ અમારે કરી આપવી છે.

(૭) આ તમોને વેચાણ કરી આપેલ ફલેટનો વેચાણ દસ્તાવેજ તમારા ખર્ચે તમારા સાથે આવીને અમારે તમોને ધારાસર રજીસ્ટર કરાવી આપવો છે.

(૮) આ તમોને વેચાણ આપેલ ફલેટને લગતા ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે.

૧. અમો વેચનાર ભાગીદારી પેઢીના નામનું પોપર્ટીકાર્ડની નકલ.

૨. તા.૧૬/૦૧/૨૦૧૮ ના રોજ લીઝ ભરપાઈ પહોંચની નકલ.

૩. નંદનવન બિલ્ડકોન LLP ના નામનું સર્ટીફીકેટ ઓફ ઈન્કોર્પોરેશનની નકલ.

૪. નંદનવન બિલ્ડકોન LLP ના તા.૧૫/૦૨/૨૦૧૮ ના ભાગીદારી દસ્તાવેજની નકલ.

૫. અનુ. નં.૨૬૬૫ તા.૧૦/૦૪/૨૦૧૮ ના નંદનવન બિલ્ડકોન LLP જોગ શ્રી પંકજ હરેશભાઈ જોશી વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૬. અનુ. નં.૨૬૯૯ તા.૧૨/૦૪/૨૦૧૮ ના નંદનવન બિલ્ડકોન LLP જોગ શ્રી રાજેશ્વરીબેન મુકેશભાઈ દવે વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૭. અનુ. નં.૨૬૦૩ તા.૭/૦૪/૨૦૧૮ ના નંદનવન બિલ્ડકોન LLP જોગ શ્રી વિરેનભાઈ કાંતીલાલ બાવીસીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૮. રાજકોટ મ્યુનિ. કોર્પો.ના બાંધકામ પરવાનગી નં.૧૫૭ તા.૨૩/૦૫/૨૦૧૮, આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

૯. શ્રી પંકજ હરેશભાઈ જોશી વિગેરેના નામના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૮–અ ના ખાતા નં.૫૦૩૦, ગામ નમુના નં.૬ હકકપત્રકના નોંધ નં.૯૯૧૩ ની નકલ.

૧૦. અનુ.નં.૧૦૦૫ તા.૧૮/૧૨/૨૦૧૨ થી શ્રી પંકજ હરેશભાઈ જોશી વિગેરે જોગ શ્રી ભરતકુમાર ગીરધરલાલ ગાંધીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૧. અનુ.નં.૧૬૨૫૮ તા.૩/૦૯/૧૯૯૭ ના ૧ નંબરની બુકના નં.૧૨૨૬૧ તા.૧/૦૮/૨૦૧૨ થી શ્રી ભરતકુમાર ગીરધરલાલ ગાંધી જોગ શ્રી પ્રમોદકુમાર ત્રિભોવનભાઈ પટેલ વિગેરેના કુલમુખત્યાર શ્રી આનંદ નીતીનચંદ્ર મહેતાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૨. શ્રી નીહારીકા દેવેન્દ્ર દવેએ શ્રી મીલનકુમાર અવિનાશભાઈ જોષીને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૩. શ્રી નીહારીકા દેવેન્દ્ર દવે વિગેરેના નામના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૮–અ ના ખાતા નં.૫૦૯૨, ગામ નમુના નં.૬ હકકપત્રકના નોંધ નં.૧૦૦૫૩ ની નકલ.

૧૪. અનુ.નં.૯૬૯ તા.૧૮/૦૩/૨૦૧૩ ના શ્રી રાજેશ્વરીબેન મુકેશભાઈ દવે તથા શ્રી નીહારીકા દેવેન્દ્ર દવે જોગ શ્રી દિપકભાઈ કાંતીલાલ બાવીસી વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૫. અનુ.નં.૧૬૨૫૯ તા.૩/૦૯/૧૯૯૭ ના ૧ નંબરની બુકના નં.૧૩૮૨૪ તા.૨૨/૦૮/૨૦૦૮ થી શ્રી દિપકભાઈ કાંતીલાલ બાવીસી વિગેરે જોગ શ્રી પ્રમોદકુમાર ત્રિભોવનભાઈ પટેલ વિગેરેના કુલમુખત્યાર શ્રી આનંદ નીતીનચંદ્ર મહેતાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૬. અનુ.નં.૧૬૨૫૭ તા.૩/૦૯/૧૯૯૭ ના ૧ નંબરની બુકના નં.૧૩૮૨૫ તા.૨૨/૦૮/૨૦૦૮ થી શ્રી વિરેનભાઈ કાંતીલાલ બાવીસી જોગ શ્રી પ્રમોદકુમાર ત્રિભોવનભાઈ પટેલ વિગેરેના કુલમુખત્યાર શ્રી આનંદ નીતીનચંદ્ર મહેતાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૧૭. શ્રી પ્રમોદકુમાર ત્રિભોવનભાઈ પટેલ વિગેરેએ તા.૩૦/૦૩/૧૯૯૬ ના શ્રી આનંદ નીતીનચંદ્ર મહેતાને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૮. અનુ.નં.૧૮૦૮૩ તા.૧૧/૧૨/૧૯૯૫ થી શ્રી પ્રમોદકુમાર ત્રિભોવનભાઈ પટેલ વિગેરે જોગ શ્રી ગોરધનભાઈ લવાભાઈ વિગેરેના કુલમુખત્યાર શ્રી દાનુભાઈ ગુમાનસિંહ જાડેજાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૯. શ્રી ગોરધનભાઈ લવાભાઈ વિગેરેએ તા.૯/૦૬/૧૯૯૩ ના શ્રી દાનુભાઈ ગુમાનસિંહ જાડેજાએ આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૨૦. કલેકટર કચેરી,રાજકોટના હુકમ નં.એન.એ.–લે.રે.કો.ક.–૬૫–કેસ નં.૨૨/૯૪–૯૫/ વશી નં.૮૦૬ થી ૮૧૫/૫ તા.૪/૦૩/૧૯૯૫ ના શ્રી ગોરધનભાઈ લવાભાઈ વિગેરેના નામના બીનખેતી હુકમની નકલ.

૨૧. રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટના ક્રમાંક રૂડા/ટેક/ડેવ/મવડી/૭૪૨/૯૪ તા.૩૧/૧૨/૧૯૯૪ તથા મંજુર થયેલ બીનખેતી પ્લાનની નકલ.

૨૨. અધિક કલેકટરશ્રી, રાજકોટના ક્રમાંક યુ.એલ.સી./૬(૧)/૪૩૮૭ તા.૧૯/૧૦/૧૯૯૩ ની હુકમની નકલ.

૨૩. અનુ.નં.૪૦૮૬ તા.૮/૦૪/૧૯૯૨ થી શ્રી ગોરધનભાઈ લવાભાઈ વિગેરે જોગ શ્રી વીરજીભાઈ પ્રેમજીભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૨૪. ઉતરોતર રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ હકકપત્રકની નકલ.

ઉપરોકત ટાઈટલ ડીડઝ નકલોની ઝેરોક્ષ ફાઈલ તમોને સોંપી આપેલ છે.

(૯) આ તમોને વેચાણ આપેલ ફલેટ ઓનરશીપના ધોરણે વેચાણ આપેલ હોઈ તેનો તમોએ શાંતિપૂર્વક અને અન્ય એકમ માલીકોને હરકત ન થાય તે રીતે ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ તથા પાર્ટ–૨ હેઠળ જાહેર કરાયેલ અથવા અન્ય કોઈ કાયદા હેઠળ નોંધાયેલ ઓસોસીએશનના બંધારણ, બાયલોઝ તેમજ તેના નિયમો અનુસાર ભોગવટો કરવાનો છે.તથા તે ધારા હેઠળ કરવામાં આવતા એસોસીએશનમાં તમારે સભ્ય દરજજે ફરજીયાત જોડાવાનું રહેશે. તેમજ આ ઈમારતના મેઈન્ટેન્શન ખર્ચ અંગે એસોસીએશન ઠરાવે તે મુજબ તમારે વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે.

(૧૦) આ તમોને વેચાણ આપેલ ફલેટની અંદરના ભાગમાં તમો જરૂરી વ્હાઈટ વોશ કે રીપેરીંગ તમારા ખર્ચે કરાવી શકશો પરંતુ બહારના ભાગમા કાંઈ પણ ફેરફાર કરી શકશો નહી. તે સમગ્ર ઈમારતને હાની પહોચે કે તેના બહારના ભાગમાં એલીવેશનમાં કોઈ ફેરફાર થાય તેવું કોઈપણ પ્રકારનું બાંધકામ, તોડફોડ કે ફેરફાર તમો કરી શકશો નહી અને સદરહું ફલેટના માપ સાઈઝમાં કોઈપણ ફેરફાર કરી શકશો નહીં.

(૧૧) આ તમોને વેચાણ આપેલ ફલેટનો ઉપયોગ ફકત રેસીડેન્શીયલ હેતુ માટે જ કરવાનો છે તે સિવાય અન્ય કોઈ રીતે તેનો ઉપયોગ કરી શકશો નહી.

(૧૨) આ તમોને વેચાણ આપેલ ફલેટ ના બાંધકામમાં વપરાયેલ માલસામાન, બિલ્ડીંગ મટીરીયલસ તથા ફીટીંગ તમો ખરીદનારે જોઈ તપાસી તેની ખરાઈ કરી સંતોષની ખાત્રી થતા ખરીદ કરેલ છે.અને તેનો તમોએ વીના તકરારે કબજો સંભાળી લીધેલ હોય ભવિષ્યમાં આ અંગે કોઈ વાંધો તકરાર ઉઠાવવાનો નથી.

(૧૩) આ તમોને વેચાણ આપેલ ફલેટના તમારા કારપેટ એરીયાના ક્ષેત્રફળ મુજબની જગ્યાનો મર્યાદિત ભાગના ઓનરશીપના ધોરણના માલીકી હકકો છે. અને રહેશે. તથા ફલેટ હોલ્ડરો માટેની કોમન સુવીધા પાર્કિંગ, સીડી, સીડીરૂમ વિગેરેના સંયુકત વપરાશના હકક રહેશે. તથા સમગ્ર બિલ્ડીંગના ઉપરના ભાગે આવેલી અગાસી પરત્વેના કોઈપણ માલીકી હકકો તમોને પ્રાપ્ત થતા નથી.

(૧૪) આ તમોને વેચાણ આપેલ ફલેટવાળા સમગ્ર બિલ્ડીંગની જાળવણી કે રીપેરીંગ કે રંગ રોગાન કે દેખરેખ માટે સફાઈ માટે થતા ખર્ચમાં તમારે તમારા ક્ષેત્રફળ મુજબ વરાડે પડતો હિસ્સો વસુલ આપવાનો રહેશે. કોમન સુવિધાની જગ્યામાં તથા માર્જીનની જગ્યામાં કોઈએ પણ માલસામાન રાખવાનો નથી. કે અન્ય ફલેટ હોલ્ડરોને અડચણ કે અટકાયત થાય તેવું કોઈ વર્તન કરવાનું નથી કે પાર્ટીશન કરવાનું નથી.

(૧૫) આ તમોને વેચાણ આપેલ ફલેટવાળા સમગ્ર ઈમારત ભવિષ્યમાં કોઈપણ કારણસર પડી જાય ત્યારે તમોએ ખરીદ કરેલ મિલ્કતવાળી જગ્યા હાલ જે જગ્યા ઉપર આવેલ છે. તે જગ્યા ઉપર ક્ષેત્રફળ મુજબની જગ્યા મેળવવા તમો હકકદાર છો. અને તેવા સમયે પ્રવર્તમાન નિયમો અનુસારનું બાંધકામ ખર્ચમા તમારે તમારા ક્ષેત્રફળ મુજબ વરાડે પડતો ખર્ચ આપીને કરવાનું રહેશે. અને ત્યારબાદ ઓનરશીપ ફલેટ એકટની જોગવાઈ મુજબ અન્ય એકમ માલીકો સાથે તમો ખરીદનારના માલિકી હકકો ઓનરશીપ મુજબના રહેશે.

(૧૬) આ બિલ્ડીંગ માંહેનો અનડીવાઈડેડ કોમન એરીયાઝ અને ફેસલીટીમાં તમારે તમારો હિસ્સો તમારા ભાગ પ્રમાણે મિલ્કતની ઉપજેલ કુલ વેચાણ કિંમતની સાથે જ તમારી જગ્યાનું જે પ્રમાણ હોય તે મુજબ તમારે એસોસીએશનને ખર્ચમાં વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે તથા ગુજરાત ઓનરશીપ ફલેટ એકટની કલમ ૧૭ અનુસાર જોગવાઈ હેઠળ તમારે રજીસ્ટર કરાવેલ ડેકલેરેશનમાં દર્શાવેલ તમામ શરતો તથા નિયમોનું તમારે પાલન કરવાનું રહેશે. તથા બિલ્ડીંગના નામકરણમાં તમો કોઈ ફેરફાર કરી શકશો નહી.

(૧૭) આ વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટતા કર્યા સિવાયની કોઈપણ બાબત અંગે વાંધો તકરાર ઉપસ્થિત થાય તો તેવા પ્રસંગે ગુજરાત રાજયના વખતો વખતના સુધારા સાથે ગુજરાત માલીકી ફલેટ એકટ અને નિયમોની જોગવાઈને આધીન તેવી તકરારનો અંત લાવવાનો રહેશે. અને તે દરેક એકમ માલીકોને બંધનકર્તા રહેશે.

(૧૮) સદરહું આ તમોને વેચાણ આપેલ ફલેટવાળા બિલ્ડીંગના છેલ્લા માળ ઉપર ખુલ્લી અગાસી(ટેરેસ) આવેલ છે તેમાં તમારે અન્ય ફલેટ હોલ્ડરો સાથે સંયુકત રીતે વપરાશ કરવાના તમામ હકક, હીત, હીસ્સો અને અધિકાર રહે છે. સદરહું અગાસી ઉપર કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહીઓ કરવા કે અન્ય કોઈપણ રીતે તેનો ઉપયોગ કરવા, ઉપભોગ કરવા હકક, હીત, હિસ્સો અને અધિકાર તમોને પ્રાપ્ત થાય છે.

(૧૯) આ વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરેલ પરિશિષ્ટ નીચે મુજબ છે.

–: પરિશિષ્ટ – એ :–

સમગ્ર મિલ્કતનુ વર્ણન :–

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ મવડીના રેવન્યુ સર્વે નંબર ૨૫૧ ની રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨, ૩ તથા ૪** ની કુલ જમીન **ચો.મી.આ.૫૨૬–૫૫** ઉપર આવેલ લો–રાઈઝ ઈમારત **"નંદન રેસીડેન્સી"** ના નામથી ઓળખાય છે. જે સમગ્ર ઈમારતનું વર્ણન તથા ચર્તુઃસિમા નીચે મુજબ છે.

વર્ણન :–

ગ્રાઉન્ડ ફલોરમાં સંપુર્ણ કવર્ડ પાર્કીગ, સીડી તથા લીફટ, ફર્સ્ટ ફલોર થી ફોર્થ ફલોર ઉપર લીવીંગ, કિચન, વોશ, બે બેડરૂમ, બે ટોયલેટ એવા બે–બે ફલેટ, તથા લીવીંગ, કિચન, વોશ, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ એવા એક–એક ફલેટ, કોમન સીડી, લીફટ મળી કુલ ૧૫ (પંદર) ફલેટસનું બાંધકામ કરવામાં આવેલ છે.એ મુજબની સમગ્ર ઈમારતની ચર્તુઃસિમા નીચે મુજબ છે.

ઉતરે	:–	પ્લોટ નં.૫ આવેલ છે. તે તરફ માપ મીટર ૨૧–૭૨ આવેલ છે.
દક્ષિણે	:–	પ્લોટ નં.૧ આવેલ છે. તે તરફ માપ મીટર ૧૭–૬૮ છે.
પુર્વે	:–	અન્યની મિલ્કત આવેલ છે. તે તરફ માપ મીટર ૨૭–૮૧ છે.
પશ્ચિમે	:–	૭–૫૦ મી.ની પહોળાઈનો રસ્તો આવેલ છે. તે તરફ માપ મીટર ૨૭–૪૨ છે.

–: પરિશિષ્ટ – બી :–

આ વેચાણ દસ્તાવેજથી તમોને ઓનરશીપના ધોરણે વેચાણ આપેલ ફલેટનુ વર્ણન અને ચર્તુઃસિમા નીચે મુજબ છે.

ઉપરોકત પરિશિષ્ટ–એ માં દર્શાવેલ **"નંદન રેસીડેન્સી"** માંહેથી **............** ફલોરમાં આવેલ **ફલેટ નં............** નો બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ...............**, ચો.ફુટ આ............, કારપેટ એરીયા ચો.મી.આ............. આવેલ છે. જેની સગવડતામાં લીવીંગ, કિચન, વોશ, ... બેડરૂમ, ટોયલેટ આવેલ છે. તે સહીતનો ફલેટ

તમોને તેના મર્યાદિત ભાગના હકકો સહિત ઓનરશીપથી વેચાણ આપેલ છે. જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉતરે :–

દક્ષીણે :–

પુર્વે :–

પશ્ચિમે :–

–: પરિશિષ્ટ –સી :–

સહીયારી સુવિધાઓ :–

ઉપરોકત પરિશિષ્ટ–એ માં દર્શાવેલ સમગ્ર ઈમારત હેઠળની જમીન, બીમ, પાયા, પ્લીન્થ, કોલમ, સપોર્ટીગ વોલ, કોમન વોલ, પેસેજ, કવર્ડ પાર્કીગ પ્લેસ,સીડી, સીડીરૂમ, લીફટ, લીફટ રૂમ, ઈલેકટ્રીક લાઇટના ફીટીગ્સ, પ્લમ્બરીંગનુ ફીટીંગ્ઝ, વોટર કનેકશન ફીટીંગ્ઝ, કમ્પાઉન્ડ વોટર ટેંક, સેપ્ટીક ટેંક, ડીપવેલ વિગેરે સહીયારી સુવિધાઓ છે.

....

૧::	ફલોરીંગ	:	વિકટ્રીફાઈડ ટાઈલ્સ.
૨::	કિચન	:	ગ્રેનાઈટ પ્લેટફોર્મ વીથ એસ.એસ. સીંક તથા સ્લેબ લેવલ સુધી વોલ ટાઈલ્સ.
૩::	ઈલેકટ્રીક	:	કન્સીલ્ડ આઈ.એસ.આઈ. ઈલેકટ્રીક વાયરીંગ, સ્ટાન્ડર્ડ કવોલીટીની મોડયુલર સ્વીચ, ફેન રેગ્યુલેટર, ઈ.એલ.સી.બી., દરેક રૂમમાં એ.સી. પોઈન્ટ.
૪::	બાથરૂમ	:	ડીઝાઈન કન્સેપ્ટ વોલ ટાઈલ્સ તથા સ્ટાન્ડર્ડ કંપનીનું સેનેટરીઝ
૫::	વિન્ડો	:	વિન્ડો સીલ તથા થ્રી ટ્રેક એલ્યુમીનીયમ સેકશન વિન્ડો, મોસ્કીટો નેટ સાથે
૬::	ડોર	:	આકર્શક મેઈન ડોર તથા બાકીના ફલશ ડોર
૭::	કલર	:	અંદરની બાજુ બિરલા વ્હાઈટ પુટ્ટી તથા બહારની સાઈડ એપેક્ષ એક્રેલીક પેઈન્ટ
૮::	લીફટ	:	સ્ટાન્ડર્ડ કંપનીની લીફટ
૯::	વોટર સ્ટોરેજ	:	એડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ
૧૦::	પ્લમ્બીંગ	:	સ્ટાન્ડર્ડ કંપનીનું કન્સીલ્ડ પ્લમ્બીંગ ફીટીંગ્સ, એકવાગાર્ડ પોઈન્ટ,

(૨૦) આ તમોને વેચાણ આપેલ ફલેટના ચુકતે અવેજની વિગત નીચે મુજબ છે.

રૂા. પૈસા	વિગત
₹.................–૦૦	અંકે રૂપિયા .... પુરા .... Bank, ... શાખાના ચેક નં.................. તા............. થી તમો ખરીદનાર તરફથી અમો વેચનાર ભાગીદારી પેઢીને મળેલ છે.

::::::::::::::::::::::::::

₹............–૦૦ અંકે રૂપિયા .... પુરા.

::::::::::::::::::::::::::

ઉપરોક્ત વિગતે વેચાણનો ચુકતે અવેજ તમો ખરીદનાર તરફથી અમો વેચનાર ભાગીદારી પેઢીને મળી ગયેલ છે. જેની આથી અમો પાકી પહોંચ સ્વીકારીએ છીએ.

(૨૧) તમોને વેચાણ આપેલ ફલેટ સબંધમાં નીચેની ફરજોનુ અને બાબતનુ તમારે પાલન કરવાનુ રહેશે.

(એ) સદરહું તમોને વેચાણ આપેલ ફલેટ ઉપરાંત બાકીના ફલેટોનુ પણ માલીકીના ધોરણે વેચાણ કરવામાં આવેલ છે અથવા આવનાર છે એટલે તમો ખરીદનાર(એલોટી) બીલ્ડીંગ કે તેના કોઈપણ ભાગને નુકશાન પહોચે તેવુ કોઈપણ કૃત્ય કે અન્યને ન્યુસન્સ થાય તેવુ કૃત્ય કરી શકશો નહી. તમો એ.સી. ના પાઈપ, એ.સી. ના ડકટીંગ, લોખંડનાં બ્રેકેટ, ઈલેકટ્રીકના પાઈપ, વોટર કનેકશન, પ્લમ્બીંગ કામ માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના કામકાજ માટે સદરહુ મિલ્કતના કોઈપણ ભાગના સ્ટ્રકચરમાં એટલે કે બીમ, કોલમમાં જરી, ખાંચો, હોલ કે ગાબડુ કરવું જેવા કામકાજો કરી બીલ્ડીંગના બાંધકામ કે સ્ટ્રકચરને કોઈપણ જાતનુ નુકશાન થાય તેવુ કૃત્ય કરી શકશો નહી કે સામાન્ય સુખાધિકારને કે આરોગ્યને નુકશાન થાય તેવુ કૃત્ય કે અન્યને ન્યુસન્સ થાય તેવુ કૃત્ય કરી શકશો નહી.

(બી) તમોને વેચાણ આપેલ ફલેટ માહેંની બિલ્ડીંગની સલામતી, રક્ષણ, મેઈન્ટેનેન્સ, તેમજ ફેસીલીટી જાળવણી તેમજ કબજેદારોના સુખાધીકારીની સુરક્ષા માટે જરૂરી એવી બાબતો જેવી કે બીલ્ડીંગની દેખરેખ રાખવા બિલ્ડીંગ કોમન જગ્યાઓની સાફસુફી કરવી વિગેરે બાબતો માટે સફાઈ કામદાર રાખવા પાણી પુરવઠો વાળવવા ઈલે.મોટર ચલાવવી વિગેરે સહીયારી સુવિધાઓ બાબતની તમામ કાર્યવાહી તમો ફલેટ ઓનર્સ એસોસીએશન સંભાળશે અને આ અંગે કરવા પઢતા તમામ ખર્ચ, ટેક્ષીસ, મેઈન્ટેનેન્સ ખર્ચ, વોચમેન પગાર, સફાઈ કામદાર, કોમન વપરાશ માટે ઈલે.ચાર્જીસ વિગેરેના તમામ વરાળે પડતા ભાગનુ ખર્ચ તમારે એસોસીએશન ઠરાવે તે પ્રમાણે ચુકવી આપવાનો રહેશે. અમારી માલીકીની બિલ્ડીંગમાં વેચાણ ન થયેલ ફલેટનો ખાલી કબજો જયા સુધી અમારી પાસે હોય ત્યા સુધી તમારા સદરહું એસોસીએશનએ અમારી પાસેથી બીલ્ડીંગ મેઈન્ટેનન્સ ખર્ચ કે વધારે પડતો ઉપર દર્શાવેલ ખર્ચ માંગવાનો અધિકાર રહેશે નહી.

(સી) તમારી એક્ષકલુઝીવ પઝેસનની જગ્યા અંગે એટલે કે તમારા કબજા ભોગવટાના ફલેટ બાબતે સરકારશ્રી તરફથી વખતો વખત જે કાંઈપણ વેરાઓ આકારવામાં આવે તેવા વેરા ટેક્ષીઝની રકમ તમારે ભરવાની રહેશે. ઉપરોકત બિલ્ડીંગની અનડિવાઈડેડ કોમન ફેસેલીટીઝના સંદર્ભમાં આવા કોઈ ટેક્ષીઝ કે ખર્ચ થાય તે માટે એસોસીએશનને ઉપરોકત

જણાવ્યા મુજબ તમારે વરાડે પડતા ટેક્ષ કે ખર્ચની રકમ ચુકવી આપવાની છે. સદરહું મિલ્કત તમો ખરીદનાર(એલોટી) અન્ય કોઈ ને વેચાણ, લીઝ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરશો તો તેમણે પણ એસોસીએશન તરફથી લાગુ કરવામાં આવેલ તથા ભવિષ્યમાં લાગુ કરવામાં આવતા તમામ નિયમો તથા શરતોનુ પાલન કરવાનુ રહેશે.

(ડી) એસોસીએશનને ચુકવ્યા વિનાની તમારા ભાગે વરાડે પડતી બાકી રકમ અનપેઈડ ડયુઝડ તમારી મિલ્કત પરનો ચાર્જ બોજો ગણાશે. અને તેની વસુલાત માટે તમારી મિલ્કત સામે એસોસીએશનનો અગ્રહકક છે.

(ઈ) સદરહુ ફલેટ ખરીદનારે(એલોટી) એસોસીએશન તરફથી કરવામાં આવતા તમામ ખર્ચમાં વરાડે પડતી રકમ, તેમજ ડીપોઝીટની રકમ, એસોસીએશન વખતો–વખત નકકી કરે તે મુજબ એસોસીએશનને ચુકવવાની રહેશે. તેમજ બાકી રહેલ એસોસીએશનની તમામ લેણી રકમ એસોસીએશનને ચુકવવામાં ન આવે તો સદરહુ મિલ્કત તથા સમગ્ર બિલ્ડીંગને લગતી આપવામાં આવેલ કોમન એરીયાનો તમો ખરીદનાર(એલોટી) દ્વારા ઉપયોગ કરવામા ન આવતો હોય તો પણ એસોસીએશન તરફથી કરવામાં આવતા તમામ ખર્ચમાં વરાડે પડતી રકમ ચુકવવામાં ન આવે ત્યાં સુધી મિલ્કત તબદીલ લેનાર એસોસીએશનના સભ્ય બની શકશે નહી.

(એફ) આ સાથેના શેડયુલ–સી માં દર્શાવેલ સહિયારી સુવિધાઓ તમોને વેચાણ આપવામાં આવેલ મિલ્કત સાથે સંલગ્ન હોય તેમજ તેને આનુષંગીક હોઈ ઈન્સ્પેરેબલ છે. સદરહું મિલ્કત વેચાણ કે લીઝ કે ભાડાથી કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરતા પહેલા તમો મિલ્કત ખરીદનારે સદરહુ મિલ્કતને લગતા બાકી રહેતા ડયુઝ તેમજ ટ્રાન્સફર ફી ભરપાઈ કરી એસોસીએશનની એન.ઓ.સી લેવુ જરૂરી છે. એસોસીએશનનુ એન.ઓ.સી. લીધા બાદ જ મિલ્કત ટ્રાન્સફર/ઉપયોગ થઈ શકશે.

(જી) સદરહુ મિલ્કતના ટાઈટલના સંદર્ભમાં જોઈતી તમામ માહિતી અને દસ્તાવેજી પુરાવાઓ અમો વેચનાર(પ્રમોટર) પાસે હતા તેની નકલો તમોને પુરા પાડવામાં આવેલ છે. આ દસ્તાવેજો કે કાગળો સિવાય અમો વેચનાર(પ્રમોટર) પાસે સદરહું મિલ્કતને સબંધીત અન્ય કોઈ દસ્તાવેજ કે કાગળો આવેલ નથી. જે તમો મિલ્કત ખરીદનારે(એલોટી) જોઈ ચકાસી અને ખરાઈ કરેલ છે. અને તમો ખરીદનારને(એલોટી) સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ કલીયર હોવાથી ખાત્રી તથા સંતોષ થયેલ છે. જેથી ટાઈટલ ડીડઝ અંગે તમો ખરીદનાર(એલોટી) કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ભવિષ્યમાં ઉઠાવી શકશો નહી.

(એચ) સદરહં મિલ્કતમાં ક્ષતીની જવાબદારી અર્થે એવું કબુલ કરવામાં આવે છે કે, વેચાણના કરાર મુજબ કામગીરી, ગુણવતા કે વેચનાર(પ્રમોટર)ની અન્ય જવાબદારી કે સેવા બાબતની જોગવાઈમાં કોઈ બાંધકામની ક્ષતીના કિસ્સામાં, તે બાબત ખરીદનાર

(એલોટી) ને કબજો સોંપી આપ્યાના પાંચ વર્ષની અંદર વેચનારના ધ્યાનમાં લાવવામાં આવશે તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ વેચનાર દ્વારા સુધારી આપવાની રહેશે અને જો વેચનાર તે ક્ષતી સુધારવામાં નિષ્ફળ નિવડે તો ખરીદનાર વેચનાર પાસેથી આવી ખામીનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર રહેશે.

અને જો આવી કોઈ ક્ષતીમાં કોઈપણ સ્ટ્રકચરની કે સ્ટ્રકચરને લગતી ખામીઓ ધ્યાનમાં આવે તો આ માટે વેચનાર(પ્રમોટર) જવાબદાર રહેશે નહી. અથવા આવી ક્ષતીઓમાં જેમ કે વર્કમેનશીપની ખામીઓ અને તેની સેવાની ગુણવતાને અને સેવાની જોગવાઈમાં ખામી કે જે વેચનાર(પ્રમોટર)ની કંટ્રોલ બહાર હોય.

(આઈ) આ વેચાણ દસ્તાવેજથી તમો ખરીદનાર/એલોટીને એપાર્ટમેન્ટ/ફલેટનો કબજો સોંપી આપેલ છે. જે તમો ખરીદનાર/એલોટીએ સંભાળી લીધેલ છે. આથી આ વેચાણ દસ્તાવેજમાં સહી કર્યા તારીખથી લાગુ પડતા મેઈન્ટેનન્સ ચાર્જ ચુકવવાની જવાબદારી તમો ખરીદનાર/એલોટીની રહેશે.

(જે) કોમન એરીયા એસોસીએશનમાં તબદીલ કરવામાં આવશે. તથા તેમાં અમો પ્રમોટરનો કોઈ હકક દાવો રહેશે નહી. તથા કોમન ટેરેસ પર ભવિષ્યમાં બાંધકામ કરવાનો કે ઉપયોગ કરવાનો કે ભવિષ્યમાં મળનાર F.S.I. નો કોઈ હકક દાવો અમો પ્રમોટરનો રહેશે નહી.

(કે) આ વેચાણ દસ્તાવેજ બાબતે અમો વેચનાર(પ્રમોટર) અને તમો ખરીદનાર(એલોટી) વચ્ચે મતભેદ ઉભા થાય તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ (રેરા) ની જોગવાઈ અનુસારની કાર્યવાહી કરવામાં આવશે જે અમને બંધનકર્તા રહેશે.

(એલ) આ વેચાણ દસ્તાવેજ હેઠળની કોઈ જોગવાઈ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ (રેરા) અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો દસ્તાવેજની જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને દસ્તાવેજ સહી કરતી વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગય રીતે અમલી રહેશે.

(એમ) આ તમોને વેચાણ આપેલ ફલેટ વાળી ઈમારતમાં આવેલ તમામ કોમન એરીયા, કોમન પાર્કીંગ, પ્રોજેકટના ટાઈટલો વિગેરે જે જે સહીયારી સુવીધાઓ છે તે તમો ખરીદનારાઓના એસોસીએશનમાં તબદીલ કરવામાં આવશે. તથા કોમન એરીયા અમો પ્રમોટરનો કોઈ હકક દાવો રહેશે નહી.

(એન) સદરહું તમોને વેચાણ આપેલ ફલેટને લગતું તમારા નામ જોગ કરી અપેલ બાનાખત(સેલ એગ્રીમેન્ટ) તથા તમોને આપેલ એલોટમેન્ટ લેટરમાં ઉલ્લેખ કરેલ તમામ શરતો તથા રેરા કાયદાની જોગવાઈઓનું તમો ખરીદનારાઓએ તથા

અમો વેચનાર(પ્રમોટર)એ પાલન કરવાનું રહેશે. તેમાં કોઈપણ પ્રકારે કસુર કરવાની નથી.

આ ફ્લેટનો વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી વાંચી, વિચારી સમજીને લખી આપેલ છે જે અમોને તથા અમારા વાલી,વંશ વારસો વેરે કબુલ મંજુર છે.જે બદલ આ નીચે અમોએ અમારી સહીઓ કરી આપી સાક્ષીની શાખો નંખાવી આપેલ છે.

રાજકોટ, તા........./......../૨૦૧૯

અત્રે.......................................મતુ	અત્રે...શાખ
૧.. (પંકજ હરેશભાઈ જોશી)	૧...
૨.. (નીરવ અશોકભાઈ ભાલોડી) તેઓ બન્ને નંદનવન બિલ્ડકોન LLP ના વહીવટકર્તા ભાગીદારો	૨...

૧..
(પંકજ હરેશભાઈ જોશી)

૨..
(નીરવ અશોકભાઈ ભાલોડી) તેઓ
બન્ને નંદનવન બિલ્ડકોન LLP ના
વહીવટકર્તા ભાગીદારો

:: વેચનારાઓ ::

....
(...................................)

:: ખરીદનાર ::

મિલ્કતનું સરનામું:

ફલેટ નં.............., નંદન રેસીડેન્સી, ... મો માળ, અંબીકા પાર્ક, ૮૦ ફુટ રોડ, શ્યામલ સ્કાય સામે, જીવરાજ પાર્ક પાસે, નાનામવા રોડ, રાજકોટ.

૧...
(પંકજ હરેશભાઈ જોશી)

૨...
(નીરવ અશોકભાઈ ભાલોડી) તેઓ
બન્ને નંદનવન બિલ્ડકોન LLP ના
વહીવટકર્તા ભાગીદારો
(વેચનાર)

....
(...)
(ખરીદનાર)

મિલ્કતનું સરનામું:

ફલેટ નં.............., નંદન રેસીડેન્સી, ... મો માળ, અંબીકા પાર્ક, ૮૦ ફુટ રોડ, શ્યામલ સ્કાય સામે, જીવરાજ પાર્ક પાસે, નાનામવા રોડ, રાજકોટ.

૧...
(પંકજ હરેશભાઈ જોશી)

૨...
(નીરવ અશોકભાઈ ભાલોડી) તેઓ
બન્ને નંદનવન બિલ્ડકોન LLP ના
વહીવટકર્તા ભાગીદારો
(વેચનાર)

....
(...)
(ખરીદનાર)